# પ્રાંતિજ નગરપાલિકા દ્વારા પાણીની ગટર લાઈન ઊંચી રખાતા મુદ્દો ટોપ એન્ડ ટાઉન બન્યો

**મુળ કોન્ટ્રાક્ટરે કામના કરી પેટા કોન્ટ્રાક્ટરે કામ આપ્યુ : ખોદકામ વગર કામ થતા બાજુના રોડ થી કામ ઉંચ્યુ ગયુ : અગાઉ પણ આજ કેનાલનું કામ થયુ છે તે લેવલમાં તો આ કામ કેમ ઊંચુ : કેનાલના કામને લઈને ચર્ચાઓએ જોર પકડયુ**






પ્રાંતિજ તા.૨૪ સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ કબીર ભુવન પાસે ચાલી રહેલ કેનાલ નુ કામ ઉંચુ જતા હાલતો આ મુદ્દો ટોપએન્ડ ટાઉન બન્યો છે અને આ કામને લઈને પ્રાંતિજ મા વિવિધ ચર્ચાઓએ જોર પકડયુ છે.


પ્રાંતિજ રેલ્વેસ્ટેશન રોડ ઉપર આવેલ કબીર ભુવન પાસે પ્રાંતિજ નગરપાલિકા દ્વારા ચાલી રહેલ યુડીપી-૮૮ માંથી ૧૫ લાખ ના ખર્ચે તૈયાર કરવામા આવેલ કેનાલ બાજુ ના રોડ લેવલ કરતા ઉંચી બનતા હાલતો લોકોમા હાસ્ય સાથે અનેક ચર્ચાઓએ જોર પકડયુ છે અને રોડ લેવલ કરતા ઉંચી જતા લોકો આ કામ ને લઈ ને આવતા-જતા લોકો મા આ કેનાલ ચર્ચામા રહી છે તો અગાઉ પણ આજ કેનાલ નુ કામ થયેલ છે અને તે કામ રોડ ની બરોબર છે અને ભવિષ્ય મા કે અત્યારે ટ્રાફિક કે રોડ ને લઈ ને કોઈ સમસ્યાઓ સર્જાય તેમ નથી અને કેનાલ ઉપર બનેલ રોડ ને લઈ ને હાલપણ ત્યાંથી નાના મોટા વાહનો પ્રસાર થાય છે ત્યારે આ પાછળ થી બની રહેલ કેનાલ ઉંચી રાખવા પાછળ શુ કારણ હશે કે અહી કોન્ટ્રાક્ટર ને વધુ ખોદકામ ના કરવુ પડે કે પછી સીધે સીધી પાઈપ મુકીને કેનાલ ઝડપી તૈયાર કરવાની હશે કે પછી મુળ કોન્ટ્રાક્ટર કામ લઈ ને પેટા કોન્ટ્રાક્ટર ને અપાતા આ કામમા લેવડદેવડ ને લઈ ને આની કસર ત્યા કઢાઈ હોય તેવુ ચર્ચાઓએ પણ જોર પકડયુ છે તો બીજીતરફ કેનાલ નુ કામ રોડ થી ઉચ્ચુ જતા લાખ્ખો રૂપિયા ના ખર્ચે તૈયાર થનાર કેનાલ માત્ર ગદુ પાણી અને વરસાદી પાણી સિવાય તેની ઉપર કોઈ ઉપયોગ થઈ શકે તેમ નથી જો લેવલ મુજબ કામ થયુ હોત તો આ જગ્યા ઉપર વળાંક આવેલ છે અને વળાંક ને લઈ ને જગ્યા સોટ હોવાથી અવરનવર અહી અકસ્માત સર્જાય છે પણ જો લેવલ મુજબ કામ થયુ હોતતો નાના વાહનનો આગળ ની જેમ કેનાલ ઉપર થી પ્રસાર થાય છે તેમ આ કેનાલ ઉપર થી પ્રસાર થઈ શકોત અને રોડ ની સાઈડ મા થઈ ને પણ નાના વાહનો આરામ થી અવરનવર થઈ શકોત પણ આ કામ રોડ ના લેવલ થી ખાસુ ઉંચુ લેવામા આવતા હાલ તો આ તોતિંગ કેનાલ ના કામ ઉપર પણ સવાલો ઉઠયા છે અને વિવિધ ચર્ચાઓએ જોર પકડયુ છે.

નગરપાલિકા ના એન્જીનીયર મેધનાબેન ને પુછતા તેવોએ જણાવ્યુ કે બાજુમા આવેલ રોડનુ લેવલ નથી અને અમે ભવિષ્ય ની ચિન્તા કરી ને રોડ ને લઈને આ કામ કરવામા આવ્યુ છે અને ઉપર થી આવેલ ટીમ પણ આ કામ ચેક કરી ને ગઈ છે એટલે બરાબર છે.

આ કામ માટે મુળ મોહનરામ જોગારામ ને કામ આપવામા આવ્યુ હતુ પણ તેવોએ પેટા કોન્ટ્રાક્ટર રમેશભાઈ વણકર ને કામ કરવામા આપ્યુ છે.

પ્રાંતિજ નગરપાલિકા ના ચીફ ઓફિસર ઉર્મિલાબેન સુમેસરાનું શુ કહેવુ છે. ટેકનિકલ પ્રમાણે જે થતુ હશે તે રીતે અમારા એન્જીનીયરે બનાવ્યુ હશે તેમ છતાંય હુ તપાસ કરાવી લઉ છું.

## જન્મદિને વધામણી



કાવ્ય ભાવિક કુમાર ધોબી
૪૧, શ્રીજી સોસાયટી
બાયડ



સ્વ. ગુણવંતભાઈ ત્રિવેદી
ભિલોડા જિ.અરવલ્લી

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

### રાજ્યનું પ્રવેશદ્વાર ગણાતી શામળાજી સરહદ છીંડાં

# હરિયાણાથી વિદેશી દારુ ભરેલી ટ્રક વાયા શામળાજી થઈ ચિલોડા પહોંચી

**મહુધરા પાસે ગાંધીનગર એલ.સી.બી.એ ૧૫ લાખના દારૂ સાથે ટ્રક ઝડપી : બાતમીના આધારે દારુ ભરેલાં વાહનો પકડી વાહ વાહી મેળવતી પોલીસનું નાક કપાયું**

(બાયડ બ્યુરો ઓફિસ) તા. ૨૪

અરવલ્લી પોલીસ શામળાજી સરહદથી વિદેશી દારુ ભરીને પસાર થતા વાહનો પકડી પોતાની પીઠ થાબડી રહી છે ત્યારે તાજેતરમાં હરિયાણાથી વિદેશી દારુ ભરેલી ટ્રકશામળાજી સરહદ આસ નીથી વટાવ્યા પછી ચિલોડા સુધી પહોંચી જેમાં ગાંધીનગર એલ.સી.બી.એ બાતમી આધારે મહુધરા પાસે ટ્રકને આંતરી ૧૫ લાખની કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડતાં સ્થાનિક પોલીસ ઉંઘતી ઝડપાઈ છે .રાજ્યની પ્રવેશદ્વાર ગણાતી શામળાજી સરહદેથી પોલીસ દ્વારા પકડવામાં આવતાં દારુ ભરેલાં વાહનોની સંખ્યા કરતાં લાખો રૂપિયાના દારૂના જથ્થા સાથે અનેક વાહનો આસાનીથી સરહદેથી પ્રવેશી જતાં હોવાથી સરહદે છડાં હોય તેવી સ્થિતિ ઉભરી છે.

રાજસ્થાન અને હરિયાણા રાજ્યમાંથી રોજ લાખો રુપિયાનો વિદેશી દારુ ગાંધીજીના ગુજરાતમાં ઘુસાડવા માટે શામળાજી સરહદનો આસાનીથી ઉપયોગ થઈ રહ્યો છે. પોલીસ દ્વારા નાકાબંધી ગો ઠવવામાં આવતી હોવા છતાં બુટલેગરો કીમીયા અજમાવી વિદેશી દારૂ ઘુસાડવામાં સફળ થઈ રહ્યા છે. સ્થાનિક પોલીસને માત્ર બાતમીના આધારે દારુ ભરેલાં વાહનો પકડવામાં સફળતા મળતી હોય છે. જ યારે પકડાય તેના કરતાં તો ચાર ગણી કિંમતનો વિદેશી દારુ આસાનીથી શામળાજી સરહદથી ઘૂસી જતો હોય છે. તાજેતરમાં હરિયાણાથી રુ ૧૫ લાખના વિદેશી દારુ તેમજ બિયરનો જથ્થો ભરીને રવાના થયેલી ટ્રક બોર્ડરથી ઘૂસી હતી જેમાં વિદેશી દારૂનો જથ્થો અમદાવાદ સપ્લાય કરવાનો હતો. ઈપીઈસીટની આડમાં વિદેશી દારુનો જથ્થો સંતાડ્યો હોવા છતાં શામળાજી બોર્ડર ઉપર જાણે કે દારુ ભરેલી ટ્ર કનું કોઈ ચેકીંગ થયું ન હોય તેમ હિંમતનગર થઈસદર ટ્રક ચિલોડા તરફ પહોંચી હતી. દરમ્યાન ગાંધીનગર એલ.સી.બી.ને આ અંગેની બાતમી મળતાં મહુધરા પાસે વોચ ગોઠવી પોલીસે ઈપીઈસીટ ભરેલ સિફેદ કલરના પ્લાસ્ટીકના કોથળામાંથી ૧૪.૭૯ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડતાં શામળાજી પોલીસનું નાક કપાયું છે. એલ.સી.બી.ની ટીમે ટ્રક ડ્રાઈવર રાજેન્દ્ર છોટુંરામ નાયક (રહે.ભવાની, હરિયા શોની અટકાયત કરી પૂછપરછ કરતાં દારુનો જથ્થો હરિયાણાથી સપ્લાય કરવામાં આવ્યો હતો. ઝડપાયેલી ટ્રક હરિયાણાથી વાયા રાજસ્થાન અને ત્યારબાદ શામળાજી ચેકપોસ્ટ થઈ છેક ચિલોડા પોલીસ સ્ટે શનની હદમાં પહોંચી હોવાથી રાજસ્થાનને જોડતી સરહદ ઉપર વાહન ચેકીંગના નામે ચાલતા ધુપ્પલનો પર્દાફાશ થયો છે.

# ભિલોડા તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવા મુખ્યમંત્રી સમક્ષ માંગ

**ચોમાસામાં માત્ર ૫૦ ટકા વરસાદ, તળાવ ખાલી થયા બાયડ**

(બ્યુરો ઓફિસ) તા.૨૪

અરવલ્લી જિલ્લામાં રાજ્યનો સૌથી ઓછો વરસાદ નોંધાયો છે. ભિલોડા તાલુકામાં ચોમાસા દરમ્યાન માત્ર ૫૦ ટકા વરસાદના કારણે પા ણીની તંગીનો ભય ઉભો થતાં ભિલોડા તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવા મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરવામાં આવી છે.

દર ચોમાસામાં જિલ્લાના આદિવાસી વિસ્તાર ગણાતા ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં વધુ વરસાદ નો ધાતો હતો પરંતુ આ વર્ષે આશ્ચર્ય વચ્ચે લીલી વનરાજી વાળા ટ્રાઈબલ તાલુકાઓમાં ઓછા વરસાદના કારણે શિયાળાના આરંભથી પાણીનું સંકટ જડબું ફાડે તેવી દહેશત ઉભી થઈ છે. ભિલોડા તાલુકામાં જિલ્લાનો સૌથી ઓછો વરસાદ નોંધાયો. મોટાભાગના તળાવમાં ૩૫ થી ૪૦ ટકા પાણીનો સંગ્રહ થયો. નાની સિંચાઈ યોજનામાં પણ ૪૪ ટકા જેટલો પાણી સંગ્રહ થયું હતું પરંતુ ઓછા વરસાદના કારણે પાણીના તળ ઉંડા ઉતર્યા અને તળાવમાંથી પ પણી અદ્રશ્ય થઈ રહ્યા છે. જેથી ઓછા વરસાદના કારણે ભિલોડા તાલુકામાં શિયાળુ ખેતી ઉપર અસર પડી રહી છે. જ્યાં થોડોગણો સિંચાઈનો લાભ મ ળે છે તે વિસ્તારોમાં જ રવીપાકની વાવણી થઈ શકશે. આ સંજોગોમાં ભિલોડા તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવા અરવલ્લી જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ મુખ્યમંત્રી સમક્ષ લેખિત રજુઆત કરી છે.

**કમોસમી માવઠું, પાયમલ ખેડૂતોને સહાય ચુકવો**

બાયડ તા.૨૪

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કમોસમી માવઠાના કારણે ખેડૂતોના ઉભા પાક તેમજ બાગાયત ખેતીને નુકસાન થયું છે જેથી ખેડુતોને ત્વરિ ત સહાય ચુકવવા પણ અરવલ્લી જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ રજુઆત કરી છે.

# પાલનપુરના જુના લક્ષ્મીપુરામાંથી ઈક્કો ગાડીની ઉઠાંતરી

**મકાન બહાર રાત્રે પાર્ક કરેલી ગાડીને તસ્કરો ઉઠાવી ગયા**

પાલનપુર તા.૨૪

પાલનપુરમાં વાહન ચોર ટોળકી સક્રિય બની હોય તેમ વાહન ચોરીના બનાવોમાં વધારો થયો રહ્યો છે જે વચ્ચે શહેરના જુના લક્ષ્મીપુરા ગામે મકાન બહાર પાર્ક કરેલી એક ઈક્કો ગાડી ની ચોરી થવા પામી છે. પાલનપુરમાં આદર્શ સ્કૂલ પાછળ રહેતા અને ડીસામાં કાપડ ની દુકાન ધરવતા વેપારી રાજેન્દ્રભાઈ ભાઈચંદભાઈ પટેલ પોતાના ભાણા પ્રશાંત પ્રવીણભાઈ પટેલ રહે.

જુના લક્ષ્મીપુરા વાળા સાથે ડીસા અવવા જતા ઈક્કો ગાડી નો ઉપયોગ કરતા હતા જે ગાડી ગત રવિવારે પ્રશાંત પટેલે જુના લક્ષ્મીપુરા માં રાત્રીના સમયે પોતાના મકાન બહારના પ્લોટમાં પાર્ક કરી હતી દરમ્યાન રાત્રીના સમયે અજાણ્યા તસ્કરો સવા બે લાખ ની કિંમત ની ઈક્કો ગાડી ની ચોરી કરી પલાયન થઈ ગયા હતા બીજા દિવસે ગાડી ન મળતા ગાડી ની ભારે શોધખોળ કરાઈ હતી તેમ છતાં ગાડી ન મળતા આખરે ઈક્કો ની ચોરી અંગે શહેર પશ્ચિમ પોલીસ મથકે ફરીયાદ દાખલ થવા પામી છે.

# પાલનપુરમાં ટ્રાફિકની સમસ્યા મામલે ધારાસભ્યે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી આપી

**પાલનપુરના ધારાસભ્ય મહેશભાઇ પટેલ ટ્રાફિકની સમસ્યાને લઈને ઉચકક્ષાએ વારંવાર રજૂઆતો કરવામાં આવી છે : ટ્રાફિકને લીધે ઘણા બધા અકસ્માતો પણ બનવા પામે છે : મહેશ પટેલ**

પાલનપુર તા. ૨૪

બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુરમાં એરોમા સર્કલ પરની ટ્રાફિક સમસ્યાને લઈ વારંવાર રજૂઆત કરવા છતાં તેનો કોઈ ઉકેલ ન આવતાં પાલનપુરના કોંગ્રેસના ધારાસભ્ય મહેશ પટેલે ધરણાં કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

જિલ્લાના મુખ્ય મથક પાલનપુર શહેરમાં નેશનલ હાઈવે એરોમા સર્કલથી પસાર થઈ કંડલા તરફ જાય છે. જેમાં કંડલાથી આવનાર વાહનોનું હેવી ટ્રાફિક મેઈન એરોમા સર્કલ પર જામ થઈ જાય છે, જેને લીધે ઘણા બધા અકસ્માતો પણ બનવા પામે છે. જેને લઈને પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલ દ્વારા અનેક વાર રજૂઆતો કરવા છતાં પણ કોઈ નિવેડો ન આવતાં આખરે ધારાસભ્યએ થાકીને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. જો કે આ અંગે પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલે જણાવ્યું હતું કે, પાલનપુરમાં એરોમા સર્કલની ટ્રાફિક સમસ્યા છે, જેના માટે વારંવાર મુખ્યમંત્રીને, આરએનબીના મંત્રીને, કલેક્ટરને અને ફરિયાદ સંકલન મિટિંગમાં રજૂઆતો કરવામાં આવી છે. નેશનલ હાઈવે એરોમા સર્કલથી પસાર થઈને કંડલા તરફ જાય છે, તે રસ્તો



પણ ઘણો ડેમેજ છે. કંડલાથી આવનારો હેવી ટ્રાફિક મેઈન એરોમા સર્કલ પર જામ થાય છે. જેના પગલે ઘણા બધા અકસ્માતોના પણ બનાવો બન્યા છે. હમણાં જ આ ટ્રાફિકમાં એમ્બ્યુલન્સ ફસાવાના કારણે એક બાળકનું મૃત્યુ થયું હતું. ત્યારે તેઓ આ બાબતના લઈને એસપી અને કલેક્ટરને પણ મળ્યા છે. ટ્રાફિક સમસ્યાનો ઉકેલ આવે એના માટેનું પ્રપોઝલ તેમણે ઘણાવાર સરકાર સમક્ષ રજૂ કર્યુ છે. આથી એરોમા સર્કલના ટ્રાફિક માટે કંઈક સોલ્યુશન નીકળે તેની રજૂઆત આજે તેમણે ફરીથી દબાઈને કરી હતી. જો આ ટ્રાફિકનું સોલ્યુશન નહીં થાય તો આવનારા સમયમાં ગાંધીજીના માર્ગ પર ધરણા કરવાની ચિમકી પણ તેમણે ઉચ્ચારી હતી.

# કુંભાસણમાં કમોસમી વરસાદમાં શ્રમજીવી પરિવારનું મકાન ધરાશાયી થયું

**અસરગ્રસ્ત પરીવારને સહાય ચૂકવવા માંગ ઉઠી**

પાલનપુર તા.૨૪

પાલનપુર તાલુકાના કુંભાસણ ગામે કમોસમી વરસાદથી એક મકાન ધરાશાયી થયું હતું. દીવાલ તૂટી પડતાં મકાનમાં કોઈ ન હોવાથી જાનહાનિ ટળી હતી.



પાલનપુર તાલુકાનાં કુંભાસણ ગામે એક શ્રમજીવી પરિવારનું શનિવારે કમોસમી વરસાદનાં કારણે કાચા મકાનની દીવાલ ધરાશાયી થતાં કાચું મકાન તૂટી પડ્યું હતું. જો કે દીવાલ તૂટી પડતાં સદનસીબે મકાનમાં કોઇ ન હોઇ મોટી જાનહાનિ ટળી હતી જિલ્લામાં પડેલા કમોસમી વરસાદે એક બાજુ ખેડૂતોનાં પાકને મસમોટું નુકશાન કરીને પાયમાલ કર્યા છે. ત્યાં પાલનપુર તાલુકાના કુંભાસણ ખાતે રહેતા મોતીભાઈ જોઠાભાઈ સાણોદરિયાના કાચા મકાનની એક બાજુની દીવાલ તૂટી પડતાં મકાન તૂટી ગયું હતું. સદનસીબે જાનહાની ટળી હતી. પરંતુ આ પરિવાર પર હાલ તો મોટી આફત આવતાં તંત્ર દ્વારા તેને સહાય ચુકવવાની માંગ ઉઠવા પામી છે.

# ધાનેરાના ધાખા પાસે ૨૫૧ ગ્રામ અફીણ રસ સાથે શખ્સ ઝડપાયો

**રૂ.૨૫,૧૦૦નું અફીણ, સહિત રૂ.૬૫,૧૦૦ના મુદ્દામાલ સાથે રાજસ્થાનના શખ્સની અટકાયત**

ધાનેરા તા.૨૪

ધાનેરા તાલુકાના ધાખા નજીકથી પોલીસે બાઈક ઉપર અફીણનો જથ્થો લઈને જઈ રહેલા શખ્સને ઝડપી લીધો હતો. જેની પાસેથી રૂપિયા ૨૫,૧૦૦ની કિંમતનો ૨૫૧ ગ્રામ અફીણ રસ તેમજ બાઈક સહિત કુલ રૂપિયા ૬૫,૧૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ધાનેરા પોલીસની ટીમે હડતાથી કોટડા જવાના માર્ગ ઉપર વોચ ગોઠવી હતી. જ્યાં આવેલા નંબર પ્લેટ વગરના બાઈક ચાલકને ઉભો રહેવાનો ઈશારો કર્યો હતો. જોકે, તેણે બાઈક ભગાવી મુક્યું હતુ. જેનો પીછો કરી ધાખા નજીક ઝડપી લેવામાં આવ્યો હતો.બાઈક ચાલક રાજસ્થાનના જાલોર જિલ્લાના રાણીવાડાના મોખાતરા ગામના બાબુરામ રામચંદ વિશ્નોઈની તલાસી લેવામાં આવતાં તેની પાસેથી રૂપિયા ૨૫,૧૦૦ની કિંમતનો ૨૫૧ ગ્રામ અફીણ રસ મળી આવ્યો હતો. આ અંગે તેની પાસેથી રૂપિયા ૫૦૦૦નો મોબાઈલ ફોન, રૂપિયા ૩૫,૦૦૦નું બાઈક મળી કુલ રૂપિયા ૬૫,૧૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ડીસા તાલુકા પોલીસ દ્વારા યુવક-યુવતિઓને નિશુલ્ક તાલીમ

**પીઆઈ એમ.જે.ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસ જવાનો આપી રહ્યાં છે તાલીમ: એકેડમીમાં ન જઈ શકતાં યુવક-યુવતીઓને તાલીમમાં જોડાવા અપિલ**

ડીસા, તા. ૨૪

આગામી પોલીસ ભરતીમાં જોડાવામાટે યુવક-યુવતિઓ તૈયારી કરવામાં આવી છે. ગુજરાત પોલીસ વિભાગમાં ૧૦ હજારથી વધુ લોક રક્ષક દળની ભરતી એકેડેમીમાં જોડાઈને અત્યારથી જ તાલીમ લઈ રહ્યા છે પરંતુ એકેડેમીની ફી ન ભરી શકનાર ખાતે પોલીસ અને પીએસઆઈની પરીક્ષા આપનાર યુવક યુવતિઓ માટે નિશુલ્ક તાલીમ શરૂ કરવામાં કરી રહ્યા છે પરંતુ પૈસા ખર્ચીને એકેડેમીમાં ન જોડાઈ શકનાર ઉમેદવારો માટે ડીસા તાલુકા પોલીસ દ્વારા એરપોર્ટ ગ્રાઉન્ડ ખાતે નિશુલ્ક તાલીમ શિબિર શરૂ જાહેર કરવામાં આવી છે અને આગામી તા. ૧ ડીસેમ્બરથી પ્રેકટીકલ (દોડ) પરીક્ષા શરૂ થનાર છે. પોલીસ ભરતીમાં ભાગ લેવા માટે અનેક યુવક-યુવતિઓ ઉમેદવારોની મદદે ડીસા તાલુકા પોલીસ આવી છે. ડીસા તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.જે.ચૌધરીના માર્ગદર્શન હેઠળ ડીસાના એરપોર્ટ ગ્રાઉન્ડ આવી છે. જેમાં વહેલી સવારે પોલીસના તાલીમબધ્ધ જવાનો ઉમેદવારોને પોલીસ ભરતીમાં જોડાવા માટે દોડ સહિતનું માર્ગદર્શન આપી રહયા છે.

**દોડ સહિતનું માર્ગદર્શન આપવામાં આવે છે**

પોલીસ અને પીએસઆઈમાં જોડાવા માટે તૈયારી કરી રહ્યા છે તેવા ઉમેદવારોને ડીસા તાલુકા પોલીસના તાલીમ બધ્ધ જવાનો દોડ સહિત ઉમેદવારોને મુઝવતા પ્રશ્નોના માર્ગદર્શનની સાથે સાથે નિશુલ્ક તાલીમ આપવામાં આવે છે તેમ ડીસા તાલુકા પીઆઈ એમ.જે.ચૌધરીએ જણાવી ઉમેદવારોને તેનો લાભ લેવા અપીલ કરી હતી.



# પાલનપુરની હનુમાન ટેકરી પાસે અકસ્માતમાં મહિલા ઘાયલ

**હાઇવે પર ટ્રાફિક સમસ્યા વકરતા વારંવાર અકસ્માતો સર્જાય છે**

પાલનપુર તા. ૨૪

પાલનપુરમાં ટ્રાફિકની સમસ્યા દિવસે ને દિવસે વકરતા અકસ્માતો નું પ્રમાણ પણ વધી રહ્યું છે. જે વચ્ચે હનુમાન ટેકરી પાસે એક મહિલાને અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા મહિલા ઘાયલ થતા તેને ૧૦૮ દ્વારા પાલનપુર સિવિલમાં સારવાર અર્થે લવાઈ હતી જ્યાં થી વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં લઇ જવાઇ હતી.

પાલનપુરના હનુમાન ટેકરી પાસે સોમવારે સવારે નિશાબેન રાજેશભાઈ રાવલ નામની મહિલા એક્ટિવા લઈને જઈ રહ્યાં હતાં ત્યારે કોઈ અજાણ્યા વાહને તેમને ટક્કર મારી હતી જેથી તેમને ગંભીર ઈજા પહોંચી હતી જે બાદ ૧૦૮ દ્વારા તેમને પાલનપુર સિવિલમાં સારવાર અર્થે લવાયા હતા જોકે સિવિલમાં તેમની હાલત વધુ ગંભીર જણાતા પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાઈ હતી ઉલ્લેખનીય છે કે પાલનપુરમાં ટ્રાફિક સમસ્યા ખુબ જ હદે વકરી ગઈ છે જેને લઈને શહેરમાં અવાર નવાર અકસ્માતો સર્જાય છે જેમાં બે દિવસ પહેલાં જ પાલનપુરના જીલ્લા પંચાયત પાસે એક આધેડનું એસટીની ટક્કરે મોત થયું હતું જે બાદ બે દિવસમાં આ બીજો અકસ્માત સર્જાયો હતો